






પ્રકાશ્યું પોત અબ્દુલાએ 'અપને વાલા' ઠરે છે,
ને સત્તા સાચવવા ઓમર પાછા પગ ભરે છે,
ડરે છે ખૂદ સરહદ પારના આતંકીઓથી -
રાષ્ટ્રને બદલે આતંકીની વકીલાત કરે છે..




'પદ' પ્રયાગે
હજુ દૂર છે સ્નાન!
અનેક વિઘ્નો..
(કુંભ મૂલાકાત મોકુફ)

કરશે ચર્ચા
એ 'ટેબલ-નંબર'
'છવ્વીસ' પર..
(બાપુ-મોઢવાડિયા સાથે ચર્ચા)

## ચિંતન

**યદા કિંજિજ્જોઅહં દ્વિપ ઇવ મદાંધઃ સમભવં તદા સર્વજ્ઞો અસ્મીત્ય ભવદવલિપ્તં મમ મનઃ ।**
**યદા કિંચિત કિંચિત બુધજનસરાશાદવગતં તદા મૂર્ખો અસ્મિતી જ્વર ઇવ મદો મે વ્યપગતઃ ।।**

ભતૃહરિ 'નીતિશતક'નો આ શ્લોક છે :

'જયારે હું થોડુંક જાણતો હતો ત્યારે હાથીની જેમ મદાંધ બની ભમતો હતો; અને ત્યારે હું સર્વજ્ઞ છું એમ માની મારૂં મન-મગજ અભિમાની બની ગયું હતું પણ જયારે વિદ્વાનોની સાથે સત્સંગ કર્યો અને કંઇક થોડું જ્ઞાન મેળવ્યું ત્યારે મને એટલી સમજ પડી કે 'હું તો મૂર્ખો જ છું.' અને આટલી સમજ આવતાંની સાથે જ મારૂં અભિમાન, તાવની જેમ ઉતરી ગયું.'

'અધુરો ઘડો છલકાય ઘણો' જ્ઞાનનું ફલક એટલું બધું વિશાળ છે કે કોઇ પણ જિજ્ઞાસુ, વાચક, પ્રયત્નશીલ કયારે પણ 'સર્વજ્ઞ' થઇ ન શકે, તબીબી ક્ષેત્રનું દૃષ્ટાંત જોઇએ તો આંખના ડોકટરને 'કાન'ની ખબર ન પડે! હાડકાંના ડોકટરને લીવરની ખબર ન પડે - આધ્યાત્મિક જ્ઞાનની બાબતમાં પણ અનેક ક્રિયાઓ-માર્ગો-પધ્ધતિઓ છે. સામાન્ય ક્રિયાથી મળેલી નાની-મોટી સિધ્ધિથી કંઇ 'ભગવાન' થઇ શકાય નહીં! દા.ત, માનસશાસ્ત્રના ઉપયોગથી તમે કોઇને હિપ્નોટાઇઝ કરી શકો તેથી કંઇ 'બાપુ' ન બની જવાય!

સામાન્ય માહિતી મેળવનાર - માહિતગાર હોઇ શકે - જ્ઞાની નહીં. થોડાંક ધર્મશાસ્ત્ર વાંચી કોઇ સંત કે કથાકાર થઇ 'જ્ઞાની' ન કહેવાય - જ્ઞાનીને અભિમાન ન હોય, જ્ઞાની નમ્ર હોય.

## સુવિચાર

- માણસો સ્વભાવે તો પહેલાં સરખાં જ હોય છે પણ પછી એમની આદતો અને આચરણ તેમને અલગ પાડી દે છે - **કોન્ફ્યુશિયસ**
- માણસનો સ્વભાવ જ એવો છે કે તે હંમેશાં બીજાને જ પોતાનાથી અધિક સુખી સમજે છે - **સૂકરાત**
- સંશય, શંકા, અવિશ્વાસ - માનવચિત્તનો સ્વભાવ છે - **કાલીદાસ**
- માણસ જેનું, જેવું અન્ન ખાય તેવો જ તેવો સ્વભાવ થઇ જાય છે - **ગાંધીજી**
- સમાજની બધી જ તકલીફો, ઘર્ષણો, દુઃખોનું મૂળ આપણો સ્વભાવ જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા સ્વભાવનો અંદાજ અને અભ્યાસ તમારા કરતાં તમારી સાથે રહેનારાને વધારે હોય છે - **થોમસ પેઇન**
- સારો સ્વભાવ ગણિતના 'શૂન્ય' જેવો છે આમ તમને એની કંઇ જ કિંમત ન લાગે પણ જયારે એ કોઇ વ્યક્તિની પાછળ જોડાય ત્યારે એની કિંમત દસ ગણી થઇ જાય - **ફ્રેયા સ્ટાર્ટ**

## બોધ કથા

નમ્રતા અને વિવેકથી ભલભલાંનાં હૃદય પરિવર્તન કરી શકાય છે; શરત એટલી કે એમાં સત્યની ખૂમારી અને નિખાલસતા હોવી જરૂરી છે. આત્મવિશ્વાસ સાથે જો એ હથિયાર અજમાવવામાં આવે તો વિજય અને સફળતા તમારી સેવામાં હાજર થઇ જાય.

ચીનના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોમાં એક એવી અંધશ્રધ્ધા અને માન્યતા હતી કે જો વરસાદ ન આવે તો કોઇ વિદેશી ને મારી નાખી તેનો મૃતદેહ કાગડા-કૂતરાને નાખી દેવામાં આવે તો વરસાદ ચોક્કસ થાય.

એક ખ્રિસ્તી પરિવાર, ધર્મપ્રચાર માટે આ ગામડાંમાં રહેતો હતો. લોકોની સેવા અને મદદ કરતો ગામડામાં તેનું માન-સન્માન હતું, લોકચાહના હતી.

એક સાલ એ વિસ્તારમાં વરસાદ ન આવ્યો ચૂસ્ત, અંધશ્રધ્ધાળુ ગ્રામજનો એકઠા થયા. વિચારણા થઇ ગામમાં વિદેશી ખ્રિસ્તી પરિવાર હતો જ. તેના મુખ્ય પુરૂષને મારી નાખવાનું નક્કી થયું.

પરિવારમાં કામવાળી તરીકે કામ કરતી એક ચીની બાઇને ખબર પડી રાત્રે જે છાની રીતે એ પરિવારને કયાંક નાશી જવા માટે સલાહ આપી.

બીજે દિવસે ખ્રિસ્તી પરિવારે ચા-કોફી નાસ્તો તૈયાર કરી ટેબલ સજાવ્યું, ચાર-પાંચ ચીના હથિયાર લઇ આવ્યા.

ખ્રિસ્તીએ કહ્યું આપ જે કામ માટે આવ્યા છો એમાં હું સહકાર આપીશ પણ પહેલાં ચા-નાસ્તો કરી લ્યો! પેલા ગોઠવાયા-ખાવા લાગ્યા. એ દરમિયાન ચીની ભાષામાં જ પ્રાર્થના ગાઇ. ચીનાઓનું હૃદય પરિવર્તન થયું અને ચાલ્યા ગયા..

# કોઈપણ ક્ષેત્રમાં કોઈ પણ જગ્યાએ સમજણ પૂર્વક સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી

## મોંઘેરા મોતી

**- નટવર આહલપરા**

## જ્ઞાન વ્હેંચતા યુવા ઉદ્યોગકાર સુનીલ ગજ્જર



લક્ષ સિદ્ધિ કરવા જો હકારાત્મક દૃષ્ટિ હોય, તો અવશ્ય લક્ષ સુધી પહોંચી શકાય છે. એવો ભાવાર્થ એક વીસમી સદીના પાણીદાર યુવાન સુનીલ ગજ્જરના પરિચય દ્વારા મળ્યો. તેમનો જન્મ ૬-૧૧-૧૯૭૩ના રોજ મુંબઈ મુકામે થયો. પણ વતન રાજકોટનું મવડી ગામ. પિતા કનુભાઈ અને માતા ભારતીબેન. અભ્યાસ ધોરણ-૧૨ સુધી રહ્યો. મિકેનિકલ ક્ષેત્રમાં ખૂબ જ દૃષ્ટિવાન, અનુભવી, સખત પરિશ્રમી એવા પિતા કનુભાઈ પાસેથી ઉજ્જવળ ભવિષ્યના આર્શિવાદ સુનિલ ગજ્જરને મળ્યા છે. તેમના પત્ની વિશાખા સુનિલ ગજ્જરનો અભ્યાસ ધોરણ -૧૨ સુધીનો છે. સંતાનમાં સુનિલ- વિશાખાને એક પુત્રી કૃપલ છે. જે અંગ્રેજી માધ્યમમાં સાતમાં ધોરણમાં અભ્યાસ કરે છે.

સંયોગાના દબાણમાં પહેલો પ્રતિભાવ રૂદન કે ક્રોધ? એવો પ્રશ્ન મેં કર્યો. ત્યારે મને જવાબ મળ્યો રૂદન. સુનિલ ગજ્જર કમ્પ્યુટર- યુગ વિશે પોતાનું મંતવ્ય આપતાં કહે છે કે, કમ્પ્યુટર યુગને હું ક્રાંતિકારી યુગ કહીશ.

ફાસ્ટ યુગમાં વાચન માટે થોડો વખત બચાવવા આ યુવાનને ટી.વી., સિરીયલમાં અમુલ સ્ટાર, વોઈસ ઓફ ઈન્ડિયા તેમજ સારા વર્સિસ સારાભાઈ પ્રિય છે. બાધા, આખડી, માનતામાં જરાપણ આસ્થા ન ધરાવતા સુનિલ ગજ્જર પાઠ, પુજા કે ધાર્મિક વિધિને બદલે પોતાનું કામ એ પોતાની પૂજા ગણે છે. તેઓ શેવરોલ એવીઓ વાહનમાં આવ જા કરે છે. તેમણે ભારતમાં-વિદેશમાં ખૂબ જ પ્રવાસ કર્યો છે.

યાદગાર અકસ્માત કોઇ પણ મનુષ્યને વધુને વધુ જીવંત રાખે છે, તે રીતે સુનિલભાઈ ગજ્જરના નાનપણમાં રમતાં રમતાં તેમની આંખમાં ઈજા થઈ હતી. પણ કુદરતી રીતે બચી ગઈ હતી.

બચપણ હો કે યૌવન, યાદ આવી જાય એક પ્રેરક વિચાર વિસ્તાર,

ગમેના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ,
સાધુતા નહીં વાર્ધક્યે, વ્યર્થ તો જિંદગી ક્રમ.

શૈશવ અને યૌવનની પરખ કરી ચૂકેલા સુનિલ ગજ્જરને વિદ્યાકાળ, યુવાકાળ દરમિયાન ખાટા-મીઠ્ઠા અનુભવો થયા છે. છતાં તેમને ઈશ્વરીય શક્તિ ઉપર વિશ્વાસ છે. માતા-પિતા તેમના ગુરૂ છે. પ્રતિષ્ઠા, પ્રદર્શન કે સામાજિક કુરૂઢિના ખંડનમાં તેમનો હકારાત્મક જવાબ એ છે કે, લોકિક વ્યવહારથી દૂર રહેવું ગમે છે. જીવનમાં ઉછેર સારો થાય, ઉચ્ચ સંસ્કાર અને ગુણથી જીવન ભરેલું હોય, પછી પ્રસન્નતા જ હોયને? તેઓ જાહેર નહીં ગુપ્તદાનમાં રસ ધરાવે છે. ગુજરાત સમાચાર તેમજ ઈકોનોમિક ટાઈમ્સ અખબારો વાચવાં ગમે છે. યુવાનો માટે પ્રેરક અવતરણ આપતાં તેમણે મુલાકાતમાં જણાવ્યું કે, 'કોઈપણ ક્ષેત્રમાં કોઈ પણ જગ્યાએ સમજણ પૂર્વક સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.' તેમની ઈચ્છા છે કે, ભાવિ જગત મારૂં આદર્શ વ્યક્તિ તરીકે સ્મરણ કરે.

તેઓ ૨૧ વર્ષ પૂર્વેની પોતાના પરિવારની સ્થિતિ યાદ કરતાં ગળગળા થઈ ગયેલા. ૧૯૮૫-૮૬માં નાનું એવું અમારૂં ઘર અને કારખાનું સાથે હતું. મારા માતૃશ્રી ભારતીબહેન સ્વમાન પૂર્વક મારા પિતાશ્રીની પડખે ઉભા રહી, કારખાનાં ડીલીવરી ચલણ બનાવવામાં મદદરૂપ થતાં. આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં તેમના ચહેરા ઉપર દુઃખ જોવા મળતું નહીં.

તેમના પિતા કનુભાઈના અનેક ગુણોની મૂડી આજે તેમનામાં અકબંધ છે. પિતા કનુભાઇ ૧૨ વર્ષના હતાં, ત્યારે સુનિલ ગજ્જરના દાદા શ્રી મોહનભાઇએ એલ એન્ડ ટીના ડાયરેકટર. દેસાઈ મુંબઈથી રાજકોટ આવેલાં. તેમની સરભરા, સ્વાગતની જવાબદારી કનુભાઈને સોંપવામાં આવી. ૧૨ વર્ષના કનુભાઈની પ્રતિભાથી અંજાઈ દેસાઈએ મોહનભાઈને કહેલું 'આ બાળક મને સોંપી દો.'

ઉત્તમ મોતીને પાછાં અમે વીંણતા હતાં ત્યાં ઉમેર્યું, 'મારા પિતાજી હંમેશા કહેતા, જો ભાઈ જ્ઞાન વ્હેંચવા માટે છે, વેંચવા માટે નહીં,'

કેવી મજાની શીખ! ગળે ઉતરી જાય તેવી એમ થાય કે વિદ્યા અને ધન પર કબજામાં હોય અને ખરે સમયે કામ ન આવે તો શું કામનાં? કનુભાઈ જિજ્ઞાસુ, કોઈ વિષયમાં અજ્ઞાત હોય તો પણ પ્રશ્નોતરી તો કરે જ. કયારેક થાક્યા હોય તેવું તેમને કયારેય પણ લાગેલું નહીં. પણ જાણે શું થયું? ૧૯૯૮ની એટલે કે, ૧૦ વર્ષ પૂર્વે ની ઘટના પિતા કનુભાઈ, સુનિલભાઈ ગજ્જરને મુંબઈ ડાઈઝ એન્ડ મોલ્ડના કારખાનામાં મુકવા માટે ગયેલા. ત્યારે કનુભાઈએ કહેલું, 'બેટા સુનિલ, આજે મને થાક લાગે છે. કોફી પીવી પડશે. મારા શરીરમાં કોઈ ફેરફાર દેખાય છે. તું હવે તૈયાર કરી લે. આપણે રાજકોટ ભેગાં થઈ જઈએ.'

કનુભાઈને કિડનીમાં કેન્સર થઈ ગયું. છતાં બે વર્ષ તેઓ હિંમત પૂર્વક ઝઝૂમ્યા અને ૪ માર્ચ-૨૦૦૦માં તેમને અવસાન થયું. તેમના સિંચેલા સંસ્કારોની પ્રતીતિ થઈ. કારણ કે, સુનિલભાઈએ રામાયણ વિશે એમ કહ્યું કે, રામાયમ જીવન જીવવાની કળા શીખવે છે અને શ્રીમદ ભગવત ગીતા કર્મનો સિધ્ધાંત આપે છે.

રાજકોટના ધમધમતાં ઔધોગિક કોઠારીયા વિસ્તારમાં સુનિલભાઈ ગજ્જર અને જીજ્ઞેશ સંચાણિયા ભાગીદારીમાં ઈનોવેટીવ મોલ્ડનું ઉદ્યોગ સંકુલ સાત વર્ષથી સંભાળે છે. ઈનોવેટીવની પ્રગતિમાં જીજ્ઞેશ સંચાણિયાનો ફાળો ઘણો જ મહત્વનો છે. બંને વચ્ચે પ્રકૃતિ ભેદ હોવા થતાં લક્ષ સિદ્ધ કરવાનો નિર્ણય હંમેશા એક જ ગોય છે. મેન્યુફેંકચરીંગમાં ડાયસ પેટન્ટ અને ફીનીશ કમ્પોનન્ટ દેશ-વિદેશમાં સપ્લાય કરવામાં આવે છે.

સુનિલ સિનરોજા ૨૦૦૮માં ચાઈનાનાં ઉદ્યોગ પ્રવાસે ગયાં હતા. ત્યારે તેમણે એક ટુલરૂમની મુલાકાત લીધી હતી. અને એક અલગ પદ્ધતિની ડાયસ જોયેલી. આવી ડાયસની પ્રોસેસ ભારતમાં બે જ કંપની કરતી હતી અને તે પ્રોસેસની ડાયસ ચાઈનાથી ઈમ્પોર્ટ કરવામાં આવતી હતી. ચાઈનાની આ કંપનીનો સંપર્ક સાધીને એ કંપની માટે અને વિદેશની અન્ય કંપનીમાં પણ ઈનોવેટીવ નંબર વન પોઝીશન પર રહીને સપ્લાય આપે છે.

૨૦૦૯માં તેઓ જર્મનીનાં ઉદ્યોગ પ્રવાસે ગયેલાં. ત્યારે પણ એક નવી અને ખૂબ જ ગતિમાન પધ્ધતિ શીખ્યા હતાં. આ પદ્ધતિ ઉપર ઓછા સમયમાં ઘણાં લોકો કામ કરી શકે છે અને આ પધ્ધતિથી આજે ઈનોવેટીવ સપ્લાય અને નવી દિશામાં દેશ-વિદેશમાં પ્રોડકશન લેવલે સપ્લાય આપી રહ્યાં છે. તે બાબત અભિનંદનને પાત્ર છે.

વર્ષ ૨૦૧૨ સુધીમાં એક અધતન મશીન શોપ તથા પ્રોડકશન યુનિટની સ્થાપના, વર્ષ ૨૦૧૪ સુધીમાં પોતાની એક ફાઉન્ડ્રી અને ઈન હાઉસ ફેસીલીટીમાં જેમાં કાસ્ટીંગથી લઈને ઈન્સ્પેકશન તથા ફીનીશ કંમ્પોનેન્ટને પ્રોડકશન લેવલે સપ્લાય કરવું. એવું સ્પષ્ટ વિઝન તેમની પાસે છે. વર્ષ ૨૦૧૬-૧૭ સુધીમાં પોતાની પ્રોડકટ લઈ આંતરરાષ્ટ્રીય માર્કેટ તથા એકઝીબીશનમાં ઈનોવેટીવ મોલ્ડ વર્કસને પ્રસ્થાપિત કરવું અને યુરોપ, યુ.એસ. અને મધ્ય એશિયા જેવા અતિ પ્રગતિશીલ રાષ્ટ્રો સામે ભારતને આગળ અને ઉચ્ચ સ્થાને લાવવું. એ તેમનો ધ્યેય છે. જે ખરેખર ધન્યાતાને પાત્ર છે.

ઈનોવેટીવ મોલ્ડની નવી ફેક્ટરીનું બાંધકામ અને કોર્પોરેટ સ્ટ્રકચરનું મિશ્રણ કે જે બેઝીક ઈન્ડસ્ટ્રીઝ લેવલ કરતાં ઘણું ઊંચું અને પડકારજનક હોય છે. છતાં ઈનોવેટીવ ડાયસ અને પેટર્ન મેકર લેવલે ઈન્ટરનેશનલ કેટેગરીમાં સ્થાન મેળવ્યું છે. સુનિલ સીનરોજા અને જીજ્ઞેશ સંચાણિયા ઈકોનોમિકલી ડેવલોપમેન્ટ અને સ્યોર રીઝલ્ટ માટે સતત જાગૃત હોય છે. આ બંને યુવાન ઉદ્યોગકારોએ તો ૨૦૧૩થી ૨૦૧૮ સુધીના પ્રોજેકશન માટેનો વિચાર પણ અત્યારથી જ કરી રાખ્યો છે. આ ઉમદા વિચાર ઈનોવેટીવનાં આંતરરાષ્ટ્રીય પ્રગતિનાં શ્રીગણેશ કહી શકાય.

સુનીલ સીનરોજા ગાંધીજીનું સૂત્ર સંદેશ રૂપે આપતાં કહે છે કે, હાસ્ય વગરની ગંભીરતા અને ગંભીરતા વગરનું હાસ્ય બંને એકબીજાથી ભિન્ન છે. આવી દીર્ઘદૃષ્ટિ ધરાવતાં સુનીલ ગજ્જર પોતાના વ્યવસાયમાં ક્રાંતિ કરે અને સમાજને અને રાષ્ટ્રને ઉપયોગી થાય તેવી શુભકામના અને અભિનંદન...

તેમનો મો. નં. છે : **૯૮૨૪૨૧૦૯૧૦**

# હંમેશાં જીવંત ચરિત્રો વાંચો, મુસીબતો સામે ઝઝૂમનારા ભડવીરોના ચરિત્રો જગતનો જંગ જીતવાની દિશા દેખાડશે

## લાગણીનો મેળો

**- રસિક વાળંદ 'નિર્ઝર'**

આપણે અનાજ નથી બીજ છીએ
આપણે હવા નથી પવન છીએ
આપણે કાચ નથી દર્પણ છીએ

**- ગુણવંત શાહ**

ઘણીવાર યુવાનો આવું કહેતા હોય છે, "આમ તો મને ઘણાં કામ કરવાનું મન થયું હતું, પણ સંજોગો એવા આવ્યા કે હું કાંઇ જ ના કરી શક્યો." આટલું જ નહીં... અરે, શાળા-મહાશાળાઓમાં નિત નવી નવી બચાવ પ્રયુક્તિ આદરતાં યુવક-યુવતીઓ શિક્ષકો, મા-બાપ કે અન્યને છેતરવા બદલ છૂપો ગર્વ અનુભવતા જોયા છે.

દોસ્તો, સાચો વ્યક્તિ તો એ છે કે જે ગમે તેવા વિપરીત સંજોગોમાં ય પોતાનો પકડેલો માર્ગ ન છોડે. અથવા તો આગળ વધવા સાવ નોંખો રસ્તો શોધી લે. ઇતિહાસમાં પાનાં ઉથલાવીશું તો અનેક વીરલ વ્યક્તિઓ જોવા મળશે. જેમણે જિંદગીના કોયડાનો ખૂબ જ કુશળતાથી ઉકેલ મેળવી જગતને ચરણે કંઇક વિશેષ પદાર્પણ કરી કૃતાર્થ બન્યા છે.

મિત્રો, કવિ મિલ્ટન અંધ હતા. એ વાત જગ જાહેર છે. એની કર્કશા પત્ની એના પર ત્રાસ રૂપ હતી એ બહુ ઓછા લોકો જાણતા હશે. આમ છતાં એણે જગતને બે અમર મહાકાવ્યોની ભેટ આપી છે. એનો જોટો જડે એમ નથી.

હેલર-કેલરના નામથી કોણ પરિચિત નથી. એણે જે સહન કર્યું છે તેના સોમાં ભાગનું દુઃખ આપણે વેઠી શકીએ એમ નથી. છતાં અવિરત પુરૂષાર્થની પરંપરા ચાલુ રાખી દુનિયાને દંગ કરી દીધી.

બહારથી સર્વ વાતે સુખી જણાતા રવીન્દ્રનાથ ઠાકુરે પત્ની, પુત્રી, પુત્ર અને ભાઇ આ સ્વજનોને પોતાના પહેલાં વળાવીને સાવ એકાકી બની ભારે હૈયા હૃદયવ્યથા પચાવી જગતને અમૃત પાયાં એની તુલના થઇ શકે એમ નથી.

મિત્રો, પારાવાર યાતનાઓ વેઢાનાર લોકોએ સંસારને દુઃખદ કહ્યો નથી, પરંતુ દુઃખો વેંઢારનારનાઓને જિંદગી જીવવા જેવી છે એવું ખુમારી ભેર બેધડક જણાવ્યું છે. તમે કોઇ પણ જીવન ચરિત્ર વાંચો, તેના ચરિત્ર નાયકની મહાનતાનું કારણ તેઓ તકલીફો સામે ઝૂક્યા નથી એ જ પ્રધાનતઃ સૂર રહેલો જણાશે. મહાનતાના પર્યાય સમા ચરિત્રો પોતાનાં દુઃખ કે અવસાદ ભૂલીને માત્ર પુરૂષાર્થી બની રહ્યા. એટલે જ જગતે એમને જગા કરી આપી છે.

નાની-મોટી સફળતા હાથવગી કરવા આ મહાનિયમનું અચૂક પણે પાલન કરવું જ પડે. અપવાદરૂપ મહા ચરિત્રોની સામે માત્ર બહાના બાજી પર જીવન વેંઢારતી અગણિત પ્રજા અળસિયાની જેમ જીવી જતા હોય છે. એટલે જ કહેવાયું છે કે જેમને સરસ બહાનાં શોધતાં આવડે છે એમને બીજું કંઇ જ નથી આવડતું હોતું.''

દોસ્તો, પથ્થર પણ પ્રતિભા બને તો જ પૂજાય છે. ફૂલનો રૂપાળો ગજરો માળીને હાથે વીંધાય તો જ મનભાવન બને છે. જિંદગીના બારામાં પણ આવું જ છે!

કોઇ ખુશમિજાજી વ્યક્તિ ભેટી જાય તો પૂછજો... હસતાં હસતાં કહેશે... અરે, ભાઇ! આ તો તમાચો મારીને ગાલ રાતો રાખીએ છીએ...! મને એ સમજાતું નથી કે આમ તમાચા મારી ગાલ રાતા રાખવાનું શું પ્રયોજન? એક સારી કહેવતનો આવો દુરૂપયોગ જાણીને આશ્ચર્ય અનુભવ્યું છે! મોટે ભાગે માણસોને પોતાની મૂર્ખાઇ દેખાતી નથી પરિણામે સારૂં કર્યું તો મેં કર્યું ને ખોટું થયું તો તે કર્યું - આવો ન્યાય તોળી દુઃખો માટે બીજાને જવાબદાર ઠેરવવા મથતા હોય છે.

મહાચરિત્રોની મહાનતા એમની કર્મઠતામાં છુપાયેલી હોય છે. આપણી આજુબાજુ કર્મનિષ્ઠ માણસો કરતાં બહાનાં નિષ્ઠોની સંખ્યા ઘણી વધુ છે.

દોસ્તો, નિરાશાને નાસ્તિકતાની વાતો કરનારા માટીપગા માણસો જોડે વધુ સમય ઊભા રહીએ તો આપણેય એવા જ થઇ જઇએ. મિત્રો, હંમેશાં જીવંત ચરિત્રો વાંચો. મુસીબતો સામે ઝઝૂમનારા ભડવીરોના ચરિત્રો જગતનો જંગ જીતવાની દિશા દેખાડશે.

અસીમ શકયતાવાળી આ ધરતી પર અનન્ય જીવન પાછળ વિશ્વભરનો કોઇ ગૂઢ અર્થ છૂપાયેલો છે. આપણને મળેલી શક્તિ અને બુધ્ધિ વેડફવા કે બહાનાંબાજી માટે નહીં બલ્કે કંઇક નવસર્જન કે નવરચના કરી હીર બતાવવા માટે મળી છે. જેનાથી એવાં પદ્ચિહનો મૂકી જઇએ કે પાછળ આવનારો કાફલો એને અનુસરી શ્રેયસ્કરને પામી શકે!!!

## - : સ્પર્શમણિ : -

હાથી મોટો હોય છે, પરંતુ એ પણ નાનકડા અંકુશને આધીન રહે છે, શક્તિ નાના અંકુશમાં છે. દીવો પ્રગટતાં જ અંધકાર દૂર થઇ જાય છે. દીવાની અપેક્ષાએ અંધકાર કેટલો વિશાળ હોય છે! દીવો નાનો, અંધકાર મોટો, અંધકાર શક્તિશાળી નથી, દીવો શક્તિશાળી છે. પર્વત ઘણો ઊંચો હોય છે. ખૂબ જ મોટો હોય છે, ને વજ નાનું હોય છે. પરંતુ એ આખાય પર્વતના ચૂરેચૂરાં કરી નાંખે છે. શક્તિ પર્વતમાં નથી, વજમાં છે. શક્તિ સ્થૂળમાં નથી. સૂક્ષ્મમાં છે.

**- યુવાચાર્ય મહાપ્રજ્ઞ**

# સાત વર્ષની આ વિચાર-યાત્રા દરમિયાન...

## વિચાર યાત્રા

**- જય ઓઝા**

૨૦૦૬માં "ગાંધીનગર સમાચાર"ની ઓફિસમાં જહા સાહેબને મારા નવા-નવા વિષયો પર લખેલા બે-ત્રણ લેખ બતાવ્યા, વાંચીને તેઓ ખુશ થયા અને કહ્યું કે "શુભસ્ય શીઘ્રમ્" આવતાં મંગળવારથી તારી "વિચાર યાત્રા" ચાલુ કર... શરૂઆતમાં તો એમ લાગ્યું કે દર અઠવાડિયે નહીં લખી શકાય... પરંતુ જહા સાહેબે હિંમત આપી, કે જે તેઓ દરેક નવોદિતને આપે છે... અને કહ્યું કે તું શરૂ તો કર...

અને ફેબ્રુઆરીના પહેલા જ સપ્તાહથી જ "વિચાર યાત્રા" શરૂ થઇ તે આજે ૨૦૧૩ના વર્ષમાં પ્રવેશી ચૂકી છે... આશરે ૩૫૦ થી વધુ લેખ વિચાર યાત્રામાં આવી ગયા છે...

૨૦૦૬માં જયારે વિચાર યાત્રા શરૂ થઇ ત્યારે વિદ્યાર્થી હતો... આજે ૨૦૧૩માં વિદ્યાર્થીઓને ભણાવતો શિક્ષક છું. વિચાર યાત્રા શરૂ કરી ત્યારે વિચારો સંક્રમણકાળમાં હતા... બાલીશતા હતી... આજે એક બાળકનો પિતા છું...

વિચારોનું વૈવિધ્ય અને વાંચન હવે વધ્યું છે... કાળની થપાટો ખાવાથી જીવનને તેના અલગ અલગ આયામને નજીકથી જોવાનો મોકો મળ્યો છે... સંજોગો અને પરિસ્થિતિઓમાં કાર્ડિયોગ્રામની જેમ ચડાવ ઉતાર વાળી ઝીક ઝીક જિંદગી ૩૬૦ ડીગ્રીએ ફરી ગઇ છે...

"ગોષ્ઠી,", નિબંધ સંગ્રહમાં શ્રી ઉમાશંકર જોષીએ કહ્યું છે કે, "ખરું શિક્ષણ તો અનુભવથી જ મળે છે... જીવનમાંથી જ મળે છે, ચોપડીમાંથી તો જે અનુભવ્યું તેનો તાળો જ મેળવી શકાય છે."

દરેક મંગળવાર મંગળમય બનવો જોઇએ, તે આશયથી લેખનકાર્ય આરંભ્યું હતુ... તેમા સફળતા મળી શકી છે કે કેમ તે તો આપ વાંચકો જ કહી શકો?

પરંતુ કાગળ પેન સાથે પનારો પાડવાથી એટલી તો ભાન થઇ ગઇ છે કે -
યે ઇશ્ક નહીં આસાન્, ઇતના તો સમજ લિજીયે
ઇક આગ કા દરિયા હૈ ઔર ડૂબ કે જાના હૈ...

લખ-વા ઉપડે છે ત્યારે આપોઆપ કલમ કાગળ પર નર્તન કરવા લાગે છે... અને વિચારોની ધબધબાટી જયારે મન અને હૃદય પર વીંઝણા મારતી હોય એટલે જમણા હાથનો અંગુઠો અને તર્જની લોહચુંબક લોખંડને ખેંચે તેમ હાથ કલમને ખેંચતા અનુભવ્યા છે.

ખૂબ ગૂઢ, ચિંતનાત્મક અને તત્ત્વસભર લખાણ લખવાનો આયાસ કદીય નથી કર્યો... ઉલ્ટું રોજિંદા વ્યવહારોમાં જે મનોભાવોમાંથી તમે અને હું પસાર થતા હોઇએ તેને જ સરળ વાતચીતની શૈલીમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે...

આ યાત્રા દરમિયાન ઘણા સુખદ અનુભવ થયા છે... ઘણા વાચકોએ ફોન દ્વારા, એસએમએસ દ્વારા કે ઇ-મેઇલ દ્વારા પ્રોત્સાહન પુરૂ પાડ્યું છે...

વ્યક્તિગત જીવનની ઘણી દુઃખદ શોકગ્રસ્ત ક્ષણોમાં આ કોલમ ટેકણ લાકણી બની છે, તો ઘણી સુખદ અને આનંદની પળોમાં શેર કરવા માટેનું આ કોલમ ઉત્તમ પ્લેટફોર્મ બની છે.

વાંચન દૃષ્ટિ અને વાંચન ખૂબ વિચાર-યાત્રાને કારણે સતત વિકસતી રહી છે. કલાપી થી માંડીને રોબર્ટ ફ્રોસ્ટ અને અખાના છપ્પાથી લઇને કાલીદાસના શ્લોકનું અવતરણ આપવાના કારણે સાહિત્યમાં રૂચિ વધુ વિકસી છે...

ઘણા માહિતી સભર લેખ લખવા માટે જે Home Work કરવું પડે તે ઘણું જ્ઞાનપ્રદ રહ્યું છે.

શ્રી ચંદ્રકાન્ત બક્ષીનું એક વાક્ય હંમેશાં હૃદયમાં કંડારી રાખ્યું છે...

"લેખક લખે છે ત્યારે એ સર્જક બને છે, એવું હું નથી માનતો, પણ વાંચક વાચે છે ત્યારે એ જરૂર સર્જક બનતો હોય છે..."


આ હાડ ધ્રુજાવી દેતી ઠંડીમાં પોષ મહિનાની થીજી ગયેલી ચાંદનીને મસળી શરીરે ઘસીને ત્યારે નસોમાં જે ગરમાવો ઉત્પન્ન થાય છે, તે ગરમાવો કલમ પકડવા મજબૂર કરતો હોય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)


## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૨મી ફેબ્રુઆરી



- ગુલામગીરી નાબૂદ કરવા રણશિંગુ ફૂકનારા, બે વાર અમેરિકાના પ્રમુખ બનનારા લોકશાહીની વ્યાખ્યા આપનારા મુત્સદ્દી રાષ્ટ્ર પુરૂષ અબ્રાહ્મ લિંકનનો જન્મદિન - ૧૦-૨-૧૮૦૯.
- પીડિતોમાં પ્રભુના દર્શન કરવાની આત્મદીક્ષા પામનારા, મૌન સેવક દિનબંધુ એન્ડ્રુરૂઝની જન્મજયંતિ - ૧૨-૧-૭૧, પાંત્રીસ જેટલાં પુસ્તકો તેમની વિદ્વવતાની શાખ પૂરે છે.
- ૧૯૪૧માં પેનેસિલિનના ઔષધનો સૌ પ્રથમ પ્રયોગ થયો.
- ૧૮૬૭ - ગુજરાતમાં સર્વ પ્રથમ સ્પેશિયલ ટ્રેન - સુરતથી મુંબઇ ઉપડી.
- ૧૭૪૨ - નાના ફડણવીસ (બાલાજી જનાદેશ ભાનુ) ક્રાંતિવીરનો જન્મ.



- ૧૬૫૦ - સંત તુકારામ બુવાનું અવસાન.
- ૧૪૫૧ - ગુજરાત પર આઠ વરસ રાજય કરનારા મહંમદ બેગડાના પિતા ગ્યાસુદ્દીન મહંમદશાહનું અવસાન.